# ડીસાનું બાઈવાડા અને શમશેરપુરા ગામ ચિકનગુનીયા રોગના સામુહિક ભરડામાં

હિંમતનગર, તા. ૪

ચોમાસાના સમયમાં ગંદા પાણીના ભરાવાથી ઝેરી જીવજંતુઓની થતી ઉત્પત્તિ અનેકો પ્રકારના રોગોને નોતરે છે ત્યારે ડીસા પંથક આવા મચ્છરજન્ય રોગોના ભરડામાં લોકો સપડાતા શહેરની હોસ્પિટલો વાયરલ ફીવરના દર્દીઓથી ઉભરાઈ રહી છે તો વળી, આ રોગચાળામાં ડીસાનું બાઈવાડા અને શમશેરપુરા ગામ ચિકનગુનીયા સપડાતા અહીં સામુહિક રોગચાળો અટકાવવા ડીસાના સિવિલ સર્જને ડીસા તાલુકા આરોગ્ય અધિકારીને રીપોર્ટ કરતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે.

બનાસકાંઠાના ડીસામાં તાજેતરમાં પડેલા વરસાદથી ઠેર ઠેર ગંદકી અને કાદવ કીચડનો ભરાવો થતા શહેરના બાર વોર્ડોમાં મચ્છરજન્ય રોગે ભરડો લીધેલ છે. જેમાં મોટાભાગે બાળકો સપડાયા છે. શહેરની સિવિલ અને વિવિધ ખાનગી હોસ્પિટલો આવા દર્દીઓથી ઉભરાઈ રહી છે. જેમાં મોટાભાગના કેસો વાઈરલ ફીવરના હોવાનું બહાર આવેલ છે વળી વાઈરલ ફીવરથી શરદી, ખાંસી અને તાવ તેમજ મેલેરિયા સહીતના અનેકો રોગોએ માથું ઊંચક્યું છે. જેમાં ગરમીના વિસ્તાર એવા ડીસાનું બાઈવાડા અને શમશેરપુરા ગામ ચિકનગુનીયા રોગના સામુહિક ભરડામાં સપડાયાના ચોંકાવનારા અહેવાલો મળેલ છે. આ ગામ દીઠ સિવિલની રોજની અંદાજીત ૫૦૦ દર્દીઓની ઓપીડીમાં આ બન્ને ગામોના અનેક દર્દીઓ ચીકનગુનિયાના રોગગ્રસ્તહોવાનું સિવિલ સર્જને કબુલ્યું હતું. અને આ લગતો ડીસા તાલુકા હેલ્થને રીપોર્ટ પણ કરેલ હોવાનું જાહેર કરેલ છે.

# દાંતીવાડા ડેમમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળતા ચકચાર

દાંતીવાડા, તા. ૪

દાંતીવાડા તાલુકામાં સ્થિત દાંતીવાડા ડેમમાં આજે વહેલી સવારે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ ડેમના પાણીમાં તરતો મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે પાંથાવાડા પોલીસને જાણ કરતા તેના મૃતદેહને તરવૈયાની મદદથી બહાર લાવી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. બનાસકાંઠા જિલ્લા દાંતીવાડા તાલુકામાં સ્થિત ડેમમાં આજે વહેલી સવારે એક ૪૫ વર્ષીય અજાણ્યા પુરૂષનો પાણીમાં તરતો મૃતદેહ એક શખ્સને નજરે પડતા તેણે તુરંત ડેમ સત્તાવાળાને આ મામલાની જાણ કરી હતી. આથી તાત્કાલિક તેમણે પાંથાવાડા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બાદમાં રામનગરના કુશળ તરવૈયાને બોલાવી તેની મદદથી મૃતકના મૃતદેહને બહાર કઢાવ્યો હતો. જેને શરીરે સફેદ રંગની ટી સર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેરેલ છે. જેની પાસે અન્ય કોઈ પણ પ્રકાર ઓળખ સંબાંધિત ચીજવસ્તુઓ મળી નથી. જ્યોરે તેના શરીર પર કોઈ પણ પ્રકારની ઈજાઓ પણ થઈ નથી તેવું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુંહતું. આ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી દીધો છે. જેની તપાસ દાંતીવાડા બીટ જમાદાર જશુભાઈ ચલાવી રહ્યા છે.

# સાબરકાંઠા ક્લેક્ટરે આસારામ અને તેના પુત્રની જમીનો અંગે તપાસ કરવા મામલતદારોને સૂચના આપી

## હિંમતનગર તાલુકાના પેઢમાલામાં બોગસ દસ્તાવેજ રજુ કરી આસારામનો પરિવાર બોગસ ખેડૂત બન્યો હતો




હિંમતનગર, તા. ૪

આસારામ અને તેમના પુત્ર નારાયાણસાઈ એક પછી એક વિવાદોમાં સપડાઈ રહયા છે.આસારામે સગીરા સાથે કુકર્મ આચર્યાના -કરણે જોધપુર જેલની હવા ખાઈ રહયા છે. ત્યારે સમગ્ર દેશમાં તેમની વિરૂધમાં લોકજુવાળ -જલિત બન્યો છે ત્યારે ગુજરાત સરકાર પણ આસારામના કરતુતો બહાર લાવવા કમર કસી હોય તેમ આસારામ અને તેમના પુત્ર દ્વારા હડપ કરાયેલી તેમજ ફાળવાયેલી સરકારી જમીનો અંગે કાર્યવાહી હાથ ધરી છે સાબરકાંઠા કલેકટર બંછાનિધિ પાની દ્વારા આસરામ કે તેના પુત્ર નારાયાણસાઈને જિલ્લામાં ફાળવાયેલી સરકારી જમીન અંગે તપાસ કરવા મામલતદારોને સૂચના આપી છે. હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે બોગસ દસ્તાવેજો રજૂ કરી બોગસ ખેડુત બનેલા આસારામ અને નારાયણસાઈ સામે હજુ સુધી ફરીયાદ નોંધાઈ નથી

સાબરકાંઠા જિલ્લામાં આસારામ અને તેમના પુત્ર નારાયણસાઈએ જિલ્લાના જુદાજુદા મથકો ઉપર કેટલીક જમીનો ખરીદી તેમજ કેટલીક સરકારી જમીનો મેળવી આશ્રમો ઉભા કર્યા છે. બેન્ને બાપ-બેટો ખેડુત ન હોવા છતાં ભુજ જિલ્લાના નલીયા અબડાસાના મામલતદારના ખેડુત હોવાનો દાખલો રજુ કરી બોગસ ખેડુત બની હિંમતનગર તાલુકના રાજપુર મુછુની પાળમાં જમીન ખરીદી હિંમતનગર મામલતદાર કચેરીમાં તા. ૦૩/૦૪/૧૯૯૮ના રોજ ખેડુત બનવા એન્ટ્ર પડાવી હતી. આસારામ અને તેમનો પરિવાર બોગસ ખેડુત બનતાં તેમની વિરૂધ ફરીયાદ થતાં તપાસ હાથ ધરાઈ હતી. જેમાં તેઓ બોગસ ખેડુત બન્યા હોવાનું પુરવાર થયુ હોવા છતાં તેમની સામે પોલીસ ફરીયાદ નોંધાઈ ન હતી. સાબરકાંઠા જિલ્લામાં આસારામ અને તેમના પુત્ર નારાયણસાઈને ફાળવાયેલી સરકારી જમીન અંગે તપાસ કરવા જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ તમામ મામલતદારોને સૂચના આપતાં મામલતદારોએ તપાસ હાથ ધરી છે.






યૌન શોષણના ગુનામાં હાલ જેલની હવા ખાતા આશારામ સામે આજે પાલનપુરના માનસરોવર રોડ ખાતે આવેલ આશારામ સત્સંગ કાર્યાલયે યુથ કોંગ્રેસ યુવાનોએ હલ્લાબોલ કરી તેમના પોસ્ટરો ફાડી તેના વિરૂદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા તેમજ જાહેર માર્ગો પર પોસ્ટરો સળગાવી હોળી કરી હતી તેમજ હેવાનીયત આચરનાર આસુમલ ઉર્ફે આશારામ હાય હાય ના નારા લગાવાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોરના ઈંડાને ચીતરવા ન પડે

ડીસા, તા. ૪

આ ઉક્તિ કેટલીય વાર કાને પડી હશે તમે પોતે પણ કેટલીય વાર બોલ્યા હશો. કોઈકના સંતાનની સિદ્ધિ એના માતાપિતાની પ્રશંસામાં આ વાક્ય બોલ્યા હશો. મા-બાપના ગુણ સંતાનને વારસામાં મળે જ. એ વારસો સંતાનો ઉજાળે ત્યારે એમાં એમનો પોતાનો પ્રયત્ન પણ હોય જ છે. મા-બાપના સંસ્કાર, એમની પ્રતિભા, એમની શક્તિનો પણ એમાં અંશ હોય છે. સંતાનની સફળતાનો યશ એના માતા-પિતાની યોગ્યતાને આપતા આ વાક્ય બોલાય છે કે 'મોરના ઈંડાને ચીતરવા ના પડે.'

પણ આ વાક્યનો વાચ્યાર્થ કોઈ ભાગ્યે જ સમજે છે. ઈંડા ચીતરવાની વાત સમજાતી નથી. વળી, ઈંડા સમજની બહાર છે.

મોરના ઈંડા ચીતરવા ન પડે એટલું શું ? ચીતર્યા વગર જ ખબર પડી જાય કે આ મોરના જ છે એવું જ કૈંક અપેક્ષિત હશે ? એને ઓળખવા માટે ચીતરીને કોઈને બતાવવાની જરૂર નહિ, એવું કૈંક અપેક્ષિત હોય એમ બને. ઈંડા જોઈને જ ખબર પડી જાય કે આ ઈંડા મોરના.

વાત રસપ્રદ છે. બાળક તો સામે છે એના નાક-નકશા જોઈ શકાય છે અને મા-બાપનો અણસાર પામી શકાય છે. પણ ઈંડુ જોઈને ઓળખ કરવી અઘરી છે ને છતાં આ ઈંડા એવા છે કે એને જોતાં જ કહેવાય છે કે 'મોરના ઈંડા ચીતરવા ના પડે'... આ ઉક્તિના મોર હવે શહેરોમાંથી અદશ્ય થયા છે પ્રકૃતિના ખોળે ખેલતા આ



તો ઢેલના છે ! ઢેલ જ ઈંડા મૂકે છે ને મોરની સરખામણીમાં ઢેલ અ-સુંદર છે. જો કે, આ તો આપણું તારણ છે. મોરને એવું નહિ જ લાગતું હોય. કારણ કે વર્ષોથી મોર ઢેલને જ રાજી કરવા કળા કરે છે. પીંછાનો ભાર વેઠે છે. આ વધુ કષ્ટદાયક પણ છે, ને છતાં રૂપરૂપનો અંબાર મોરલો પોતે અ-સુંદર ઢેલને રીઝવવા આ બધું જ કરે છે. પ્રકૃતિના આટાપાટા સામાન્ય મોર રાષ્ટ્રીય પક્ષીનું બિરુદ મેળવી શક્યા છે તે તેમના માટે ગૌરવની વાત છે પરંતુ એ પણ એટલું જ સત્ય છે કે આ રાષ્ટ્રીય પક્ષી હવે લુપ્ત થવાના આરે છે ત્યારે ડીસા નજીક સામઢી ગામ પાસે પંચાયતના મકાનમાં માંદા ઢેલ દ્વારા સુંદર અને કહેવત મુજબ ચીતરવા ન પડે તેવા એક બે નહિ પુરા આઠ ઈંડા અપાય છે.... પ્રસ્તુત તસ્વીરમાં ઈંડા અને તેની રક્ષા કરતી માતા ઢેલ દેખાય છે.

# મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશનું આયોજન

મહેસાણા, તા. ૪

૧ જાન્યુઆરી-૨૦૧૪ના રોજ મતદારને ૧૮ વર્ષ પુરા થતા હોય તેવા મતદારો ૬ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર દરમિયાન ફોર્મ નંબર ૬ રજુ કરી પોતાનું નામ મતદાર યાદીમાં લખાવી શકશે. આ ઉપરાંત નામ કમી કરવા ફોર્મ નંબર-૭, સુધારા-વધારા માટે ફોર્મ નંબર-૮ અને એક ભાગમાંથી બીજા ભાગમાં નામ ફેરબદલી કરવા ફોર્મ નં. ૮-ક ભરવાનું રહેશે. આ તમામ ફોર્મ સંબંધિત મામલતદાર કચેરીમાંથી મળી રહેશે.

મતદારયાદીમાં નામ છે કે કેમ તેની માહિતી કલેક્ટર કચેરી બ્લોક નં. ૩માં હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે. જેનો હેલ્પ લાઈન નંબર ૦૨૭૬૨-૨૨૦૪૨૩ પર સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક સુધી માહિતી મળશે. આ ઉપરાંત ખાસ ઝુંબેશ અંતર્ગત સપ્ટેમ્બર માસના બાકી ચાર રવિવાર ૮, ૧૫, ૨૨ અને ૨૯ તારીખે સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક દરમિયાન હેલ્પ લાઈન ચાલુ રાખવામાં આવશે. આ દિવસોમાં દરેક મતદાન મથકે બી.એલ.ઓ. હાજર રહેશે. આ ઉપરાંત ઓનલાઈન વિગતો જાણવા માટે www.ceo. gujarat. nic.in ની વેબસાઈટ પરથી જાણી શકાશે. આ ઉપરાંત ઈ ગ્રામ કેન્દ્રો અને sms જેમકે epic ખાલી જગ્યા (તમારો epic નંબર) ટાઈપ કરી ૯૨૨૭૫૦૦૯૫૮ પરથી મેસેજ કરવાથી પણ માહિતી મળશે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન


# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૫૫૮ |
| વરીયાળી | ૮૦૦ | ૧૩૭૫ |
| રાયડો | ૫૫૦ | ૬૪૩ |
| એરંડા | ૬૯૦ | ૭૪૦ |
| ઘઉં | ૨૯૯ | ૩૮૬ |
| બાજરી | ૨૨૦ | ૨૮૮ |
| ગવાર | ૧૩૦૦ | ૧૫૨૧ |
| સુવા | ૫૮૦ | ૭૪૬ |

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૯૮ | ૭૧૪ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૫ |
| એરંડા | ૭૧૫ | ૭૩૮ |
| ઘઉં | ૩૦૭ | ૩૫૮ |
| બાજરી | ૨૨૯ | ૩૦૧ |
| ગવાર | ૧૨૭૮ | ૧૫૧૫ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૨૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૫૫ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૩૧૫ | ૩૪૫ |
| મગફળી | ૬૨૫ | ૭૫૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૧૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૩૧૫ | ૩૪૬ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૨૩ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૪૫૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૦ | ૩૧૬ |
| ઘઉં ૪૯૬ | ૩૨૫ | ૩૪૫ |
| મકાઈ | ૨૯૨ | ૨૯૬ |
| એરંડા | ૭૧૪ | ૭૧૯ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૭૧૫ | ૭૩૮ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૨૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૧ |
| ગવાર | ૧૩૮૫ | ૧૫૨૨ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૩૭૫ |
| ચણા | ૪૫૦ | ૬૫૬ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| મકાઈ | ૨૮૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| મગફળી | ૪૦૦ | ૬૫૧ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૬૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૮૪ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| ડાંગર | ૨૬૫ | ૩૦૦ |
| એરંડા | ૭૧૧ | ૭૨૧ |
| ગવાર | ૧૪૭૬ | ૧૪૮૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૬૨ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૭૧૦ | ૭૨૦ |
| ગવાર | ૧૪૬૫ | ૧૪૭૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૧૫ | ૬૦૫ |
| જુવાર | ૨૪૦ | ૩૬૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૭૨૮ |
| એરંડા | ૭૩૦ | ૭૪૪ |
| ઘઉં | ૩૧૬ | ૪૧૭ |
| બાજરી | ૨૩૫ | ૨૭૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૧૩૧૫ | - |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૬૭ |
| મકાઈ | ૨૭૦ | ૩૩૧ |
| એરંડા | ૭૧૩ | ૭૩૩ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| મગફળી | ૫૬૧ | ૭૨૧ |
| ગવાર | ૧૧૪૫ | ૧૫૯૯ |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૨૬ |
| ડાંગર | ૨૨૦ | ૩૧૫ |

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૫ | - |
| ગવાર | ૧૨૫૦ | ૧૫૨૦ |
| એરંડા | ૭૧૦ | ૭૧૮ |
| રાયડો | ૫૯૬ | ૬૦૦ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૩૦ | ૩૬૫ |
| બાજરી | ૨૨૫ | ૨૮૬ |
| એરંડા | ૭૧૮ | ૭૩૩ |
| રાયડો | ૬૨૫ | ૬૪૧ |
| રાજગરો | ૧૧૦૧ | ૧૨૩૦ |
| મગફળી | ૪૦૦ | ૭૬૧ |
| ગવાર | ૧૩૫૧ | ૧૪૮૦ |
| મકાઈ | ૨૮૬ | ૩૨૦ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| જવ | ૨૨૦ | - |
| રાયડો | ૫૯૦ | ૬૪૦ |
| એરંડા | ૬૯૦ | ૭૩૮ |
| ગવાર | ૧૧૮૮ | ૧૫૦૧ |
| ઘઉં | ૨૮૦ | ૩૭૦ |
| બાજરી | ૧૭૦ | ૨૮૬ |
| જુવાર | ૫૦૦ | ૬૫૧ |

| ઊંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૭૫ | ૨૭૮૦ |
| વરીયાળી | ૮૧૫ | ૧૮૫૦ |
| ઈસબગુલ | ૧૦૬૦ | ૧૫૦૦ |
| સરસવ | ૭૦૦ | ૭૧૧ |
| રાયડો | ૫૨૦ | ૬૫૩ |
| મેથી | ૫૩૫ | - |
| તલ | ૨૦૪૮ | ૨૨૫૦ |
| સવા | ૭૧૫ | - |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૬૩ |
| બાજરી | ૨૨૦ | ૨૯૦ |
| રાયડો | ૬૦૦ | ૬૪૩ |
| એરંડા | ૭૪૧ | ૭૫૦ |
| જુવાર | ૨૫૦ | ૬૪૧ |
| તલ | ૧૭૨૫ | ૨૦૩૨ |
| જવ | ૨૭૫ | - |
| ગવાર | ૧૨૦૦ | ૧૫૩૫ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૬૬૫ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૨૬ |
| જીરૂ | ૧૮૦૦ | ૨૪૭૭ |
| રાયડો | ૫૭૦ | ૬૨૦ |
| મેથી | ૫૨૭ | - |
| બાજરી | ૧૮૦ | ૩૦૫ |
| એરંડા | ૬૯૫ | ૭૨૨ |
| અજમો | ૬૭૬ | - |
| ગવાર | ૧૩૭૦ | ૧૫૦૦ |
| રજકાબી | ૧૬૧૦ | ૨૮૩૧ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૨૧ |
| બાજરી | ૨૩૫ | ૨૬૬ |
| રાયડો | ૬૧૦ | ૬૧૭ |
| એરંડા | ૭૦૩ | ૭૧૬ |
| જુવાર | ૩૫૦ | - |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૭૫ | ૩૩૦ |
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| રાયડો | ૫૯૦ | ૬૦૦ |
| બાજરી | ૨૪૫ | - |
| ગવાર | ૧૩૬૧ | ૧૪૫૦ |

| હારીજ | | |
|---|---|---|
| રાયડો | ૩૫૮ | ૬૨૦ |
| એરંડા | ૭૦૦ | ૭૨૭ |
| બાજરી | ૨૦૦ | ૨૫૮ |
| ઘઉં | ૨૯૨ | ૩૪૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૫૧૬ |
| મગ | ૭૧૦ | ૧૦૦૧ |
| ચણા | ૫૫૦ | ૬૪૦ |
| જીરૂ | ૨૨૧૦ | ૨૫૪૫ |
| સાસટો | ૨૮૦ | ૩૪૦ |
| સવા | ૩૬૦ | ૬૯૦ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| એરંડા | ૭૧૨ | ૭૨૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| રાયડો | ૬૦૦ | ૬૨૪ |
| ડાંગર | ૨૬૦ | ૩૩૦ |
| ડાંગર | ૨૬૦ | ૩૩૦ |
| ગવાર | ૧૪૨૫ | ૧૪૫૦ |
| જુવાર | ૩૪૦ | ૪૦૫ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| ગવાર | ૮૫૦ | ૧૫૦૦ |